મહીસાગર નદીમાંથી લીધેલા પાણીનું બિલ કોર્પોરેશન હજુ સુધી નથી ચૂકવ્યું

સિંચાઈ વિભાગે વડોદરા પાલિકાને 568 કરોડનું પાણીનું બિલ ફટકાર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા કોર્પોરેશનને સિંચાઈ વિભાગે મહીસાગર નદીમાંથી લેવામાં આવતાં પાણીને લઈ 4568 કરોડનું તોતિંગ બિલ બજાવતાં હડકંપ મચી જવા પામ્યો છે. સિંચાઈ વિભાગ અને વડોદરા કોર્પોરેશન પાણીના તોતિંગ બિલને લઈ સામસામે આવી છે.

વડોદરાના આજવા સરોવર સિવાય મહીસાગર નદીમાંથી શહેરીજનોને આપવા માટેનું પાણી કોર્પોરેશનને રાજ્ય સરકાર પાસેથી ખરીદવું પડી રહ્યું છે. પાનમ યોજના અંતર્ગત મહીસાગર નદીમાંથી લેવાતા પાણીનું સિંચાઈ વિભાગે રૂા. 4,568 કરોડનું બિલ પાલિકાને આપ્યું છે. જેને લઈ અધિકારી અને શાસકો નારાજ થયા છેય પાલિકા એકમાત્ર પોતાના સ્રોત આજવા સરોવરમાંથી રોજે 150 MLD પાણી મેળવે છે. જેનાથી પૂર્વ વિસ્તારના 8 લાખ લોકોને પાણી આપવામાં આવી રહ્યું છે. જ્યારે મહીસાગર નદીમાંથી અલગ-અલગ ફ્રેન્ચવેલ મારફતે 388થી 400 MLDની પાણી બાકીની વસ્તીને આપે છે.

સરકાર વચ્ચે મહીસાગરમાંથી પાણી લેવા માટે રાજ્ય સરકારની પાનમ યોજના હેઠળ 1971માં કરાર થયા હતા. જેમાં પાનમ વોટર પ્રોજેક્ટ અંતર્ગત ફાજલપુર, રાયકા, દોડકા અને પોઈચા કુવામાથી કોર્પોરેશન રોજ 200 થી 250 MLD પીવાનું પાણી અંદાજિત 40 ટકા વસ્તીમાં વિતરણ કરે છે. જોકે સિંચાઈ વિભાગે એક તરફી રીતે આ ભાગીદારી વર્ષ 1998ની અસરથી રદ કરી દીધી હતી. વર્ષ 1998માં સિંચાઈ વિભાગ સાથે નક્કી થયા મુજબ વર્ષ 2004-05 સુધી કરાર મુજબનાં બિલો આપ્યા બાદ વર્ષ 2007માં 1997-98થી બાકી બિલોનું ચૂકવણું કરવા સિંચાઈ વિભાગે માંગ શરૂ કરી હતી. સિંચાઈ વિભાગે વ્યાજ અને દંડ સહિત રૂા. 4,568.80 કરોડના બિલનું ચુકવણું કરવા સપ્ટેમ્બર- 2024માં બિલ ફટકાર્યું, જેને લઈ વિવાદ થયો છે. આ વિશે પાલિકાના સ્થાયી સમિતિના ચેરમેન ડો.શીતલ મિસ્ત્રીએ કહ્યું કે સિંચાઈ વિભાગે અમને બિલ આપ્યું છે, એના નિરાકરણ માટે મુખ્યમંત્રી, ચીફ સેક્રેટરીને રજૂઆત કરી છે ટેલીફોનીક વાત થઈ છે એમને ખાતરી આપવામાં આવી છે . અને રૂબરૂ પણ મળવા જવાના છે અને આ બાકી બિલ નું નિરાકરણ માટે વાત કરીશું.

સિંચાઈ વિભાગે માર્ચ 2005માં આપેલા બિલનો સંદર્ભ લેતા પાલિકાએ કેપિટલ કોસ્ટ રૂપે 3.83 કરોડ તથા ઓપરેશન અને મેન્ટેનન્સ રૂપે 5.23 કરોડની ભરપાઈ કરી છે. આ જ ગણતરી મુજબ વર્ષ 2005થી 2023 સુધી કુલ 11.05 કરોડનું ચૂકવણું પણ કર્યું છે. પરંતુ 1998થી ભાગીદારી રદ થયા બાદ વ્યાજ અને દંડ સહિત રૂ. 4,586 કરોડનું બિલ આપતાં પાલિકાના માથે દેવું ઉભું થયું છે. જેને લઈ પાલિકાના વિપક્ષ નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવે શાસકો અને ભાજપ સરકારને આડે હાથ લીધી છે. રાજ્ય સરકાર કોર્પોરેશનને પાણીનું બિલ કઈ રીતે આપી શકે તેવો સવાલ કર્યો છે. તેમજ વડોદરાના પાલિકા તરફ થી એવો કયો કરાર કરવામાં આવ્યો અને ક્યારે કરાર કર્યો કે પાણી નું બિલ આપવું પડશે ? તમામ ધારાસભ્યો મુખ્યમંત્રીને રજૂઆત કરી બિલ રદ કરાવે તેવી માંગ કરી છે.

મ્યુ.કોર્પોરેશનની વધુ એક બેદરકારી છતી થઈ

દિવાળીપુરા ગાર્ડનમાં લાઈટો ગુલ થતા સિનિયર સિટીઝનો અટવાયા

મોબાઈલ ટોર્ચનો સહારો લેવો પડ્યો, નિરાશ થવાનો વારો આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

વડોદરા શહેરને સુશોભિત કરતા કોર્પોરેશનના દિવાળીપુરા ગાર્ડનમાં લાઇટો ગુલ થતા મોર્નિંગ વોક માટે આવતા સિનિયર સિટીઝન ટોર્ચ લાઇટના સહારે રહેવા મજબુર બન્યા હતા. શાળાઓમાં કોલેજોમાં દિવાળી વેકેશન ચાલતું હોવાથી બાળકો પણ મોટી સંખ્યામાં ગાર્ડનમાં રમવા આવતા હોય છે. પરંતુ તેમને નિરાશ થવાનો વારો આવ્યો હતો. લાઇટ અંગે ફરજ પર હાજર ઓપરેટરને પુછતા તેણે અયોગ્ય વર્તન કર્યું હોવાની માહિતી મળી હતી. આ અગાઉ પણ આ ગાર્ડનમાં લાઈટો ગુલ થવાના મામલે ચર્ચામાં આવ્યું હતું.

વડોદરામાં દેશના પીએમ મોદીનું આગમન અને દિપાવલી પર્વ હોવાથી શહેરમાં ક્યારે ના થઈ હોય તેવી સાફસફાઇ અને લાઈટોનું આકર્ષણ ઉભુ કરવામાં આવ્યું હતું. જો કે, શહેરભરને ચમકાવનારૂ કોર્પોરેશન દિવાળીપુરા ગાર્ડનમાં લાઈટો ઉપલબ્ધ કરાવી ના શક્યું. દિવાળી વેકેશન ચાલતું હોવાથી બાળકો સાંજ પડ્યે મોટી સંખ્યામાં બાગમાં રમવા આવતા હોય છે. સાથે જ સિનિયર સિટીઝન ખાસ કરીને બાગની મુલાકાત નિયમીત પણે લેતા હોય છે. અને સ્વાસ્થ્ય પ્રેરક એક્ટીવીટીમાં મોટી સંખ્યામાં જોડાતા હોય છે. આ વચ્ચે શહેરના દિવાળીપુરા વિસ્તારમાં આવેલા ગાર્ડનમાં લાઈટો ગુલ થઈ જવાની ઘટના સામે આવી હતી. લાઈટો ગુલ થઈ જવાના કારણે સવારે અને સાંજના સમયે વોક કરવા આવેલા સિનિયસ સિટીઝન ગ્રુપના સભ્યોએ ટોર્ચ લાઈટના સહારે ચાલવું પડ્યું હતું. જેમ જેમ અંધારૂ વધતું ગયું તેમ તેમ લોકો બાગમાંથી બહાર નીકળવાના શરૂ થઈ ગયા હતા. સ્થાનિક સુત્રોના જણાવ્યા પ્રમાણે, આ વિસ્તાર શહેરના ડેપ્યુટી મેયર ચિરાગ બારોટનો મતવિસ્તાર લાગે છે. લાઇટ ના હોવાના કારણે તે માટે ઓપરેટરને પુછતા તેણે યોગ્ય વર્તન ના કર્યું હોવાનું પણ સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

યુવકને છોડાવવા પડેલા ફુવા, ભાઈ અને તેના મિત્રોને પણ બંનેએ હુમલો કર્યો

તરસાલીમાં રહેતા યુવક પર બૂટલેગર પિતા-પુત્રનો ચાકૂ અને તલવારથી હુમલો

અમે દારૂનો ધંધો અહી કરવાના તારા થાય તે કરી લે તેમ કહી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

તરસાલીના વુડાના મકાનમાં રહેતા યુવક પર બુટલેગર પિતા અને પુત્રે ચાકુ- તલવાર વડે હિંસક હહુમલો કર્યો હતો. દારૂનો ધંધો તે અમે અહી જ કરીશું તારાથી થાય તે કરી લેજે તેમ કહી ધમકી આપી હતી. છોડાવવા વચ્ચે પડેલા યુવક ના ફુવા ભાઈ સહિતના મિત્રો મળી 6 જણા પર હુમલો કર્યો હતો. ઘવાયેલા લોકો સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયાં હતા. યુવકની ફરિયાદના આધારે મકરપુરા પોલીસે બુટલેગર પિતા-પુત્રને ઝડપી પાડવા કાર્યવાહી શરૂ કરી છે.

વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલા વુડાના મકાનમાં રહેતા વિશાલ વિનુભાઈ લુહાર 5 નવેમ્બરના રોજ સાંજના સમયે જમીને ઘરની બહાર શેરીમાં તેના મિત્ર જાવેદ સાથે ઉભો હતો. મકરપુરા ગામમાં રહેતો અને દારૂનો ધંધો કરતો વિક્કી હેમંત જોષી તથા તેના પિતા હેમંત જોષી યુવક સાથે ધસી આવ્યા હતા અને વિશાલ લુહાર સાથે બોલાચાલી ઝઘડો કરવા લાગ્યા હતા. તે દરમિયાન વિક્કી જોષી ચાકુ કાઢ્યું હતું અને ત્યારબાદ વિશાલની પેટ તથા છાતીના ભાગે ઉપરાછાપરી ઘા મારી દીધા હતા. ત્યારબાદ વિકીના પિતા હેમંત જોષી તલવારથી હુમલો કર્યા બાદ માર માર્યો હતો. ઉપરાંત વિશાલને જણાવ્યું હતું કે હું અહીં દારૂનો ધંધો કરવાનો છું તારાથી થાય તે કે રી લેજે તેવી ધમકી આપી હતી. યુવકના સગા ફુવા હરિદાસ તેને છોડાવવા માટે વચ્ચે પડ્યા હતા. ત્યારે વિકી તેમના પર પણ હથોળી અને ચપ્પુ હુલમો કર્યો હતો. વિશાલ અને ફુવાને સારવાર માટે ગાડીમાં બેસાડી હોસ્પિટલ ખાતે થઈ જવાતા હતા ત્યારે વિકી તથા તેના પિતાએ તેના ભાઇ તથા મિત્રો સાથે ઝઘડો કર્યો તો અને ચાકુના ઘા માર્યા બાદ તમે બચી ગયા પરંતુ બીજીવાર ધ્યાન રાખજો તેમ કહી મને ધમકી આપી હતી. વિશાલ લુહાર સહિત તેના ફુઆ હરિદાસભાઈ લુહાર અને ભાઈ સહિત 6 લોકોને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘવાયેલા યુવકે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હુમલાખોર પિતા અને પુત્રને ઝડપી પાડવા તજવીજ શરૂ કરી છે.

નવીધરતી ગોલવાડમાંથી જુગાર રમતા 5 ખેલી ઝડપાયા

કારેલીબાગ પોલીસે રેડ કરતા જુગારીઓમાં દોડધામ

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરાના નવી ધરતી ગોલવાડમાં ચાલી રહેલા જુગાર પર પોલીસે રેડ કરી હતી. પોલીસને જોઇને જુગારીઓમા રીતસરની દોડધામ મચી ગઈ હતી. જોકે સ્થળ પરથી પાંચ જુગારીઓને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી દાવ પરની રોકડ રકમ મળી રૂ. રૂ.35 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

કારેલીબાગ પોલીસ સ્ટાફના માણસો વિસ્તારમાં પાંચ નવેમ્બરના રોજ પેટ્રોલિંગની કામગીરી હતા. તે દરમ્યાન રાણાવાસ કબીર મંદિરની પાછળ નવીધરતી ગોલવાડ ખાતે કેટલાક લોકો ભેગા મળીને જુગાર રમી રહ્યા છે. તેવી બાતમી મળી હતી. જેના આધારે પોલીસે બાતમી મુજબના સ્થળ પર રેડ કરી હતી. ત્યારે પોલીસની ટીમને આવતી જોઈ જુગારીઓમા દોડધામ મચી ગઈ હતી. જોકે સ્થળ પરથી પાંચ ખેલી સંજય અરવિંદ માળી (રહે.નાગરવા નવીધરતી નવા સ્લમ કવાર્ટસ), નરેશ નટવરલાલ રાણા (રહે, રાણાવાસ કબીર મંદિરની પાછળ નવી ધરતી ગોલવાડ) વિનોદ ચીમન માળી(રહે, નવીધરતી ગોલવાડ), શિવમ રાજુ રાણા (રહે.સાંઈબાબાના મંદિરની પાછળ પ્રકાશનગર નાગરવાડા) તથા ઉમેશ હર્ષદ દરજી (રહે, લહેરીપુરા દરવાજા પાસે વડોદરા)ને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા જુગારીઓની અંગઝડતી કરાતા તેમની પાસેથી રોકડા રૂપિયા અને દાવ ઉપર લાગેલી રોકડ રકમ મળી રૂ.. 35 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કર્મચારીઓ ઓફિસનો દરવાજા બંધ કરીને પૂરાઈ ગયા

કરજણ સેવા સદનમાં મધમાખીનો આતંક ડંખથી બચવા પ્લાસ્ટિક ઓઢીને ભાગ્યા

મધમાખીના આતંકના કારણે ઘણાં કલાકો સુધી કચેરીનું કામકાજ બંધ રહ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરાના કરજણ તાલુકા સેવા સદન ખાતે ચોંકાવનારી ઘટના બની હતી. સેવા સદનમાં અચાનક મધમાખી ઉડતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અચાનક મધપૂડામાંથી એકાએક મધમાખી ઉડતાં ત્યાં હાજર લોકોમાં નાસભાગ મચી હતી. જેના કારણે લોકો ઓફિસમાં દરવાજા બંધ કરીને પૂરાઈ ગયા હતાં. જોકે, મધમાખીના આતંકનો અનેક વ્યક્તિઓ ભોગ બન્યા હતાં. વડોદરાના કરજણ ખાતે સેવા સદનની બિલ્ડીંગમાં મધમાખીએ પોતાનો મધપૂડો બનાવ્યો હતો.

જ્યાંથી એકાએક મધમાખીઓ ઉડતાં તેનાથી બચવા નાસભાગ થઈ ગઈ હતી. જોકે, મધમાખીઓનો આતંક વધતાં કર્મચારીઓએ કચેરીના દરવાજા બંધ કરી પોતે અંદર પૂરાઈ ગયાં હતાં. સમગ્ર નાસભાગ દરમિયાન ત્રણથી ચાર લોકોને મધમાખીએ ડંખ મારતા ઈજાગ્રસ્ત થયાં હતાં. ઘણાં લોકો મધમાખીના ડંખથી બચવા માટે માથે પ્લાસ્ટિક તેમજ ન્યૂઝ પેપર ઓઢીને નીકળતાં જોવા મળ્યાં હતાં. સમગ્ર ઘટના દરમિયાન તાત્કાલિક ધોરણે 108 બોલાવવામાં આવી હતી. 108 આવ્યા બાદ ઘાયલ દર્દીઓની સારવાર અંગે જરૂરી કાર્યવાહી કરી મધમાખીને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જોકે, મધમાખીના આતંકના કારણે ઘણાં કલાકો સુધી કચેરીનું કામકાજ બંધ રહ્યું હતું. તેમજ ત્યાં હાજર લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

લોહીલુહાણ હાલતમાં ઇજાગ્રસ્તોને સારવાર માટે એસએસજીમાં ખસેડાયાં

અગાઉના ઝઘડાની અદાવતે ત્રણ ભાઈ સહિત પિતા પર લાકડીઓથી હુમલો

પિતા છગનભાઇ વુડાના મકાનમાં આવેલી મારવાડીની દુકાન પર કરીયાણાનો સામાન લેવા માટે ગયા હતા

આજે તમને પતાવી નાખીશુ તેમ કહી ધમકી આપતા પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.6

ડભોઇ રોડ પર અગાઉ થયેલા ઝઘડાની અદાવતે માથાભારે શખ્સ સહિતના ચાર જણાએ યુવક સહિત તેના પરિવાર પર લાકડીઓ હુમલો કર્યો હતો. માથાના લાકડીઓના ફટકા માર્યા હોય લોહીલુહાણ હાલતમાં તેમને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેથી આજે તો તમને મારી નાખીશુ તેવી ધમકી આપતા યુવકે વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના ડભોઇ રોડ પર યમુનામિલ ભરતવાડીમાં રહેતા ઠાકોરભાઇ છનગભાઇ લાકડીવાળા 4 નવેમ્બરના રોજ સાંજના સમયે તેઓ પત્ની રાધાબેન સાથે ઘરની બહાર બાઇક પર બેસી વાતો કરતા હતા. જ્યારે તેમનો ભાઇ બાજુનામાં મેદાનમાં હાજર હતો. તે વખતે તેમની માતા ગીતાબેન તથા પિતા છગનભાઇ વુડાના મકાનમાં આવેલી મારવાડીની દુકાન પર કરીયાણાનો સામાન લેવા માટે ગયા હતા. ત્યારે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને બાઇકો પર વિક્કી ઉર્ફે જાડીયો, કાળુ વણઝારા ઉર્ફે મગર, સાહિલ તથા અને અન્ય એક શખ્સ લાકીડોઓ લઇને ધસી આવ્યા હતા. ત્યારે તેમનો ભાઇ પિન્ટુ તથા મનિષ ભાગી ઘર તરફ આવી ગયો હતો. વિક્કી સહિતના સાગરીતોએ દરવાજો ખખડાવી બહાર નકીળો આજે તો તમને મારી નાખવાના છે. ત્યારબાદ દરવાજાને લાત મારી ખોલી નાખ્યા બાદ બે ભાઇઓ પર લાકડીઓ વડુ હુમલો કર્યો હતો.

જ્યારે રેલવે પાટા તરફ આવેલા ભાઇ મનિષ પણ વચ્ચે પડતા તેને લાકડી ફટકા માર્યા હતા. દરમિયાન માતા પિતા છોડાવવા વચ્ચે પડતા પિતાના માથાના લાકડી મારી દીધી હતી. ત્યારબાદ હુમલાખોરો લોહીલુહાણ કરીને ફરાર થઇ ગયા હતા. જેથી ઇજાગ્રસ્તોને સારવાર માટે 108 એમ્બ્યુલન્સમાં એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.ઇજાગ્રસ્ત યુવકે વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વિક્કી જાડિયો, કાળુ વણઝારા, સાહિલ તથા અન્ય એક યુવકને ઝડપી પાડવા તજવીજ શરૂ કરી છે.

કાલોલની શાળામાં લગાવેલા CCTV અસામાજિક તત્વોએ તોડી પાડ્યા

સીસીટીવી કેમેરા કોણે અને શા માટે તોડવામાં આવ્યા તે પોલીસ તપાસનો વિષય

(પ્રતિનિધિ) કાલોલ તા.6

કાલોલ તાલુકાના ચલાલી ગામે પ્રાથમિક શાળાની નવી બિલ્ડિંગમાં લગાવેલા સીસીટીવી કેમેરા તોડી નાખવામાં આવ્યા છે બે કેમેરા શાળાના કેમ્પસ બાજુ લગાવેલા હતા અને બીજાં કેમેરા ઓફિસ બાજુ લગાવેલાં હતા તે પૈકી ના ત્રણ કેમેરા તોડી નાખવામાં આવ્યા છે સાંજ પડે ને ચારે કોર ચોર ચોરની બુમો સંભળાય રહી છે ત્યારે ગઈ સાંજે રાત્રીના સમયે ચલાલી પ્રાથમિક શાળામાં લગાવેલ કેમેરા તોડી નાખવામાં આવ્યા હતા હવે સીસીટીવી કેમેરા કોણે શા માટે તોડ્યા તે હવે પોલીસ તપાસ પછી જ જાણ થશે લોકોમાં થતી ચર્ચા મુજબ શું ચોરીના ઈરાદે કેમેરા તોડવામાં આવ્યા હશે ? શું ચોરો દ્વારા ચોરીના ઈરાદે પ્રાથમિક શાળાને નિશાન બનાવી હતી ?

વેપારીઓએ વિદ્યા પ્રાપ્તિનું શ્રેષ્ઠ મુહૂર્ત જાળવ્યું

લાભપાંચમે શહેરમાં ધંધા રોજગાર પુનઃ ધમધમી ઉઠ્યા

લોકોએ પણ બજારોમાં વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 06

દિવાળી મહાપર્વના મિનિ વેકેશન બાદ બુધવારે લાભપાંચમ પર્વ સાથે જ શહેરમાં રોજગાર ધંધા,ઓફિસો પુનઃ ધમધમી ઉઠ્યા છે. વેપારીઓ તથા વ્યવસાયિકો દ્વારા લાભપંચમી સાથે જ્ઞાનપંચમી નિમિત્તે શુભ મુહૂર્તમા પૂજન કર્યું હતું.લાભ પાંચમના શુભ દિવસે ધંધા-વેપારનાં સ્થળોએ પૂજાનાં કાર્યક્રમ વેપારીઓ અને તેમના પરિવારજનો અને કર્મચારીઓ સાથે કર્યા હતા.

લાભ પાંચમનો દિવસ વેપાર-ધંધાની શરૂઆત માટે શુભ માનવામાં આવે છે. ત્યારે બુધવારે વડોદરા વેપાર વિકાસ એસોસિએશના પ્રમુખ પરેશ પરીખ દ્વારા તેમના વેપારનાં સ્થાને પૂજા-અચર્ના કરી પોતાના વેપાર-ધંધા-રોજગારની શરૂઆત કરી અને સમગ્ર વડોદરા શહેરના વેપારીઓ ને લાભ પાંચમ અને જ્ઞાન પંચમીની શુભકામનાઓ પાઠવી હતી.

શહેરના મુખ્ય વેપારના હાર્દ સમા માંડવી, લહેરીપુરા, નવાબજાર, રાવપુરા, દાંડિયાબજાર,રાજમહેલરોડ સહિતના વિવિધ વિસ્તારોમાં વેપારીઓ દ્વારા પોતાના વેપાર સ્થળોએ તથા ઓફિસોમા વિધિવત પૂજા કરી હતી અને ધંધાની શરૂઆત કરી હતી.બુધવારથી શહેરના બજારો ઓફિસોમા ધમધમાટ જોવા મળ્યો હતો.રાબેતામુજબ દુકાનો ઓફિસો ખુલતાં લોકોએ દુકાનોમાંથી વિવિધ ચીજવસ્તુઓ ની ખરીદી કરી હતી.

દાહોદના ખરોડ ગામે કાર ચાલકે બાઈકને અડફેટે લેતાં પ્રાણ પંખીડા ઊડી ગયા

દાહોદ જિલ્લામાં માર્ગ અકસ્માતના 3 બનાવમાં 3 મોત

(પ્રતિનિધિ) દાહોદ તા.6

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે જિલ્લામાં ત્રણ અલગ અલગ સ્થળોએ સર્જાય માર્ગ અકસ્માતના ત્રણ બનાવોમાં ત્રણ વ્યક્તિઓના મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદના ખરોડ ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૫ નવેમ્બરના રોજ ઝાલોદના કાળીગામ ખાતે રવાળા ફળિયામાં રહેતાં સુરેશભાઈ લાલચંદભાઈ જાદવ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ કાળીગામ ગુજ્જરથી દાહોદ આવતાં હતાં તે સમયે રસ્તામાં દાહોદના ખરોડ ગામે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સુરેશભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં સુરેશભાઈ મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાતાં તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે દિગરાજભાઈ નરેશભાઈ જાદવે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડાના વલુન્ડી ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૩ નવેમ્બરના રોજ લીમખેડાના ધારી ગામે કાંકરા ફળિયામાં રહેતાં હરેશભાઈ બાબુભાઈ બારીયા તથા તેમની સાથે બાબુભાઈ નવલસીંગભાઈ પરમાર બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ લીમખેડાના વલુન્ડી ગામેથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે હરેશભાઈએ પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતાં અચાનક મોટરસાઈકલ પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં મોટરસાઈકલ સ્લીપ ખાઈ ગઈ હતી જેને પગલે મોટરસાઈકલ પર સવાર હરેશભાઈ તથા તેમની સાથેના બાબુભાઈ બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં હરેશભાઈ તથા બાબુભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતાં બંન્નેને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં જ્યાં ગંભીર ઈજાઓને પગલે બાબુભાઈનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. આ સંબંધે હરેશભાઈ બાબુભાઈ બારીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ ઝાલોદના ફતેપુરા ચોકડી ખાતે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૪ નવેમ્બરના રોજ ફતેપુરાના જલાઈ ગામે ગામતળ ફળિયામાં રહેતાં જેન્તીભાઈ બદીયાભાઈ પારગીના ભાઈ કમલેશભાઈ બદીયાભાઈ પારગી ઝાલોદના ફતેપુરા ચોકડી ખાતેથી ચાલતા પસાર થઈ રહ્યાં હતાં તે સમયે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી કમલેશભાઈને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતા કમલેશભાઈ જમીન પર પટકાતા તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે જેન્તીભાઈ બદીયાભાઈ પારગીએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શુભમુહૂર્તમાં પૂજા-અર્ચના સાથે વેપારીઓ ધંધા-રોજગારનો પ્રારંભ કર્યો

પાદરાના વડુ પંથકમાં લગ્નની ખરીદી માટે બજારો પુનઃ ધમધમ્યા

(પ્રતિનિધિ) પાદરા તા.6

દિવાળીના પર્વને લઈ પાદરા વડુ પંથકના વેપારીઓએ ધંધા- રોજગારમાં રજા રાખતાં બજારો સુમસામ બન્યાં હતાં. વેપાર બંધ રહેતાં બજારો પણ સુમસામ ભાષતાં હતાં. જો કે, લાભપાંચમે બુધવારે શુભમુહૂર્તમાં પૂજા-અર્ચના સાથે વેપારીઓ ધંધા-રોજગારનો પ્રારંભ કર્યો હતો અને બજારો ફરીથી ધમધમતાં થયા હતા.

પાદરા વડુ પંથકમાં દિવાળીના પર્વને લઈ વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખ્યા હતા અને મોટાભાગના લોકો વર્ષભરનો થાક ઉતારી હતી ફ્રેશ થવા માટે મિનિ વેકેશન મનાવવા સેવા વિવિધ ધાર્મિક તેમજ પ્રવાસન સ્થળના રહેવ પ્રવાસે ઉપડી ગયા હતા. તો સરકારી ખૂબ કચેરીઓમાં પણ રવિવાર સુધી રજાઓહતી. જેને લઈને બજારોમાં આવશ્યક સર સેવાઓ સિવાયની દુકાનો લગભગ બંધ રહેવા ઉપરાંત લોકોની ચહલ-પહલ પણ ખૂબ જ ઓછી હોવાથી બજારો સુમસામ ભાષતાં હતાં. સોમવારે તેમજ મંગળવારે સરકારી કચેરીઓ ચાલુ હોવા છતાં અરજદારોની પાંખી હાજરીને લઈ રજા જેવો જ માહોલ જોવા મળ્યો હતો.

આજે લાભ પાંચમ થી બજારો પુનઃ ધમ ધમી ઊઠ્યા હતા. ગાંધી ચોક બજાર , ચોકસી બજાર, સરદાર પટેલ શાક માર્કેટ , ગોવિંદ પૂરા, ઝંડા બજાર સહિત વિવિધ બજારો ધમ ધામી ઊઠ્યા હતા.

પાદરા વાસીઓએ રંગેચંગે, ધામધૂમથી અનેક રીતે દીપોત્સવની ઉજવણી કરી હતી. લોકોના ઘર, મહોલ્લા, શેરીઓ, અનેક બિલ્ડિંગ દીપમાળથી જાજ્વલ્યમાન બન્યા હતા. લોકોએ પરસ્પર દીપોત્સવની શુભકામનાઓ

પાઠવી રાતભર ફટાકડા ફોડી ઉજવણી કરી હતી. વેપારીઓએ સાંજે શુભ મુહુર્તમાં ચોપડા પૂજન કરીને પેઢી કે દુકાન વધાવી લીધી હતી. હવે તેઓ તેઓ લાભપાંચમે દુકાન ખોલીને મુહૂર્ત કર્યા હતા. દિવાળીની રજાઓમાં લોકો પરિવાર અને મિત્રો સાથે બહાર ફરવા ઉપડી જતે શુક્રવારે સવારથી જ જાણે કે પાદરાના રસ્તા ખાલીખમ ભાસતા હતા.

ઉત્સવપ્રિય પાદરા નગરના નગરજનોએ સોનેરી સપના લઈને આવેલા વિક્રમ સંવત ૨૦૮૧ના અપાર ઉત્સાહ અને અનેરા ઉમંગ સાથે વધામણા કર્યા હતા. શ્રદ્ધાળુઓની નવુ વર્ષ નીરોગી અને સુખ-શાંતિમય પસાર થાય તે માટે મંદિરોમાં ભગવાનના આશીર્વાદ લેવા માટે ભારે ભીડ રહી હતી. નગરજનોએ પરિવારજનો, મિત્રો અને શુભેચ્છકોને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.